દાખલ થયા તારીખ :–૦૫–૦૪–૨૦૨૫
રજી.લીધા તારીખ :–૦૫–૦૪–૨૦૨૫
ફેંસલ થયા તારીખ :–૨૬–૦૨–૨૦૨૬
સમય:– વર્ષ માસ દિવસ

**અમદાવાદ શહેરના મહે.૧૦મા એડિશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (કોર્ટ નં.૧૩)(શ્રી એ. જી. ઓઝા) સાહેબની કોર્ટમાં, મુ. અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૬૩૮૪૦/૨૦૨૫.
આંક:–૧૩.

શ્રી સરકાર **.....ફરિયાદી**

**વિરુધ્ધ**

ધર્મેશભાઈ સુખરામભાઈ ઠાકોર, ઉ.વ.૪૧, **......આરોપી**
રહે. મકાન નં. ૦૯,
ગીતાસદન બંગ્લોઝ, મણિયાસા સોસાયટી,
ખોખરા, અમદાવાદ શહેર,
મૂળ વતન: તનમનીયા,
તા. લખતર, જિ.સુરેન્દ્રનગર

**ગુનો:**–ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧)મુજબ.

ફરિયાદપક્ષ તરફે :– વિ.એ.પી.પી.શ્રી ટી. જે. વ્યાસ.
આરોપી તરફે :– વિ.વકીલ શ્રી એ. એસ. મકવાણા.

**–::/ /ચુકાદો/ /::–**

**(૧.૦)** ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી કામિનીબેન કમલેશભાઈ ધોળકીયા, ઉ.વ.૩૭નાઓ તેમના પરિવાર સાથે માઈ મંદિર પાસે, મારવાડી લાઇન સામે, સુરેન્દ્રનગર ખાતે રહે છે.

ગઈ તા.૧૩–૦૧–૨૦૨૫ના રોજ રાત્રિના સાડા બારેક વાગ્યાની આસપાસ ફરિયાદી તેણીના મામા ધર્મેશભાઈ ઠકકરના મકાન નં. એ/૦૧, સિધ્ધાર્થ એપાર્ટમેન્ટ, મણિયાસા, ખોખરા, અમદાવાદ શહેર ખાતે આવેલ. ગઈ તા.૧૪–૦૧–૨૦૨૫ના ધર્મેશભાઈએ તિર્થ મેડીકલ, મણિયાસા, ખોખરા ખાતે ઉંધિયાનો સ્ટોલ લગાવેલ હોઈ સવારના સાડા આઠક થી નવ વાગ્યા દરમ્યાન ધર્મેશભાઈ ઘરે ચા–નાસ્તો કરવા ગયેલા અને તે સમયે ફરિયાદી તથા ફરિયાદીના ભાભી પ્રિતીબેન સ્ટોલ પર હાજર

હતાં તે વખતે આરોપીએ ત્યાં આવી ફરિયાદી પાસે ઉંધિયું માંગતાં ફરિયાદીએ પ્લાસ્ટીકના ઝભલામાં ઉધિયું આપતાં આરોપીએ ફરિયાદીને પ્લાસ્ટીકના ડબ્બામાં ઉંધિયું આપવાનું કહેતાં ફરિયાદીએ પ્લાસ્ટીકના ડબ્બામાં ઉંધિયું આપતાં નથી તેમ જણાવતાં આરોપી ફરિયાદીને બિભત્સ ગાળો બોલવા લાગેલ. જેથી ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપી ફરિયાદીને ગડદાપાટુનો માર મારવા લાગેલ અને ગાલ પર બે–ત્રણ લાફા મારી દઈ કયાંકથી ર્ડાકટર બ્લેડ લઈ આવી ફરિયાદીને ડાબા હાથની કોણીના ઉપરના ભાગે બાવડા ઉપર બ્લેડના બે ત્રણ ધા મારી ઈજા પહોંચાડેલ હોવાની ફરિયાદ કરેલ છે.

(૨.૦) ફરિયાદીએ બનાવ અંગે ફરિયાદ આપેલ જે ફરિયાદ ખોખરા પોલીસ સ્ટેશનમાં પાર્ટ–એ ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૧૦૦૩૨૫ ૦૦૫૨/૨૦૨૫થી નોંધાયેલ. બાદ આ ગુના અંગે તપાસનીશ અધિકારીએ તપાસ કરી લાગતા વળગતાં સાહેદોના નિવેદન લીધેલ. બાદ આરોપીને ધોરણસર અટક કરી તપાસના અંતે પુરતો પુરાવો જણાતાં આરોપી વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) અને જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ કરેલ છે.

(૩.૦) આ કામના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપી આંક–૦૩થી તહોમતનામું ફરમાવી આરોપી સામેના આક્ષેપો તેઓને વાંચી સંભળાવી તથા સમજાવી આંક–૦૪થી આંક–૦૬ સુધી ગુનાની પ્લી લેતાં, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતાં કામ ફરિયાદપક્ષના પુરાવા માટે રાખેલ.

(૪.૦) આ કામે ફરિયાદપક્ષ તરફથી તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના પુરાવાઓ રજૂ કરવામાં આવેલ છે.

**(એ) <u>મૌખિક પુરાવા</u>**

| **ક્રમ નં.** | **પુરાવાનું વર્ણન** | **આંક** |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી કામિનીબેન કમલેશભાઈ ધોળકીયાની જુબાની | ૦૬ |

## (બી) <u>દસ્તાવેજી પુરાવા</u>

| ક્રમ નં. | પુરાવાનું વર્ણન | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદની નકલ | ૦૭ |
| ૦૨ | ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ | ૦૮ |
| ૦૩ | ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ | ૦૯ |
| ૦૪ | મુદ્દામાલ હથિયાર કબજે કર્યાના પંચનામાની નકલ | ૧૦ |
| ૦૫ | હથિયારબંધી જાહેરનામાની નકલ | ૧૧ |
| ૦૬ | કલોઝીંગ પુરસીસ | ૧૨ |

(૫.૦) આ કામે ફરિયાદપક્ષે મૂળ ફરિયાદીએ આંક–૧૨થી ફરિયાદપક્ષનો પુરાવો પુરો કર્યાનું જાહેર કરતી પુરસીસ રજૂ કરેલ છે. બાદ વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો પુરો થયાનું મૌખિક જાહેર કરતાં, રજૂ પુરાવો જોતાં આરોપીનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા યોગ્ય પુરાવો જણાતો ન હોય, વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૬.૦) ફરિયાદપક્ષ તરફે રજૂ કરવામાં આવેલા પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લેતાં આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

### –::મુદ્દા::–

(૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા.૧૪–૦૧–૨૦૨૫ના રોજ સવારના સાડા આઠથી નવ વાગ્યાના સુમારે આરોપીએ સાહેદ ધર્મેશભાઈ પોપટલાલ ઠકકરના તિર્થ મેડિકલની બાજુમાં, મણિયાસા, ખોખરા, અમદાવાદ ખાતે આવેલ ઉંધિયા સ્ટોલ ઉપર ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો મારી અને ફરિયાદીને ડાબા હાથની કોણીના ઉપરના ભાગે બાવડા ઉપર બ્લેડ મારી ઈજા પહોંચાડી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) તથા જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

(૭.૦) ઉપરોકત મુદ્દાના કારણોની ચર્ચા કરી છે તે મુજબ નિર્ણયો નીચે મુજબ છે.

(૧)નકારાત્મક.

(૨)આખરી હુકમ મુજબ.

(૮.૦) ઉપરોકત નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**::–કારણો–::**

**મુદ્દા નંબર:–૧**

(એ.૦) આ કામે મુદ્દા નં.૧ની ચર્ચા કરતાં પહેલા એ નોંધવું જરૂરી છે કે, આરોપી સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) અને જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબ આક્ષેપો છે ત્યારે ફરિયાદપક્ષે ફોજદારી ન્યાયશાસ્ત્રના સિધ્ધાંત પ્રમાણે આરોપી સામેના તમામ આક્ષેપો વાજબી પુરાવાથી નિ:શંકપણે પુરવાર કરવા પડે અને તેમ કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ જાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે.

(બી.૦) ઉપરોકત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલ પુરાવા પરથી હાલના બનાવ માટે આરોપી જવાબદાર છે કે કેમ? તેમજ ફરિયાદ મુજબનો બનાવ બનેલ છે કે કેમ તે બાબતેની તકરારના સંદર્ભમાં પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે સૌપ્રથમ ફરિયાદી કામિનીબેન કમલેશભાઈ ધોળકીયાને આંક–૦૬થી સોગંદપર તપાસતાં તેઓએ એવો પુરાવો આપેલ છે કે બનાવ તારીખ ૧૩–૦૧–૨૦૨૫ના રોજ રાત્રિના સાડા બાર એક વાગ્યે તેણી તેણીના મામા ધર્મેશભાઈએ ખોખરા ખાતે ઉંધિયાનો સ્ટોર લગાવેલ હોઈ તેણીના મામાને મદદ કરાવતી હતી ત્યારે એક અજાણ્યો ઈસમ આવેલ અને તેણે જણાવેલ કે તમો કેમ પ્લાસ્ટીકની થેલીમાં ઉંધિયું આપો છો, પ્લાસ્ટીકના ડબ્બામાં કેમ નહીં તે બાબતે સામાન્ય બોલાચાલી થયેલ તેથી વિશેષ કાંઈ બનેલ નહીં. ફરિયાદ આંક–૦૭થી રજૂ કરેલ છે.

સદરહુ ફરિયાદી ફરિયાદપક્ષના કેસને સમર્થન નહીં આપતાં વિ.એ.પી.પી.શ્રીએ ઉપરોકત સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાની માંગતા,

ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ ૧૫૭ મુજબ વિ.એ.પી.પી.શ્રીની ઉલટતપાસ દરમ્યાન ફરિયાદપક્ષના કેસને કોઇ સમર્થનકારક પુરાવો રજૂ થયેલ નથી.

બચાવપક્ષના વિ.વ.શ્રીએ ફરિયાદીની ઉલટતપાસ કરતાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપી સાથે તેઓને સામાન્ય બોલાચાલી થયેલી અને તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીએ તેઓને કોઇ ગંદી ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર મારેલ નથી કે કોઇ હથિયાર વડે મારેલ નથી કે બ્લેડ વડે મારેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ડૉકટર સાહેબ રૂબરૂ કોઇના નામ લખાવેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે ફરિયાદમાં શું લખેલ તે કાંઈ જાણતાં નથી, તેઓએ ફરિયાદ વાંચેલ નથી. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે આરોપી પાસે કોઇ હથિયાર ન હતાં. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે આરોપીઓએ કોઇ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી.

**(સી.૦)** ફરિયાદપક્ષે રજૂ કરેલ ઉપરોકત પુરાવા તથા બંને પક્ષોની દલીલો પરથી એટલું ફલિત થાય છે કે, બનાવમાં આરોપીએ ફરિયાદીને પ્લાસ્ટીકના ડબ્બામાં ઉંધિયું આપવાનું કહેલ તે બાબતે ફરિયાદી અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ તે સિવાય બીજું કાંઈ બનેલ નહીં. ફરિયાદીએ આરોપીને પ્લાસ્ટીકના ડબ્બામાં ઉંધિયું આપવાની ના પાડતાં આરોપીએ ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો મારી અને ફરિયાદીને ડાબા હાથની કોણીના ઉપરના ભાગે બાવડા ઉપર બ્લેડ મારી ઈજા પહોંચાડી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોઇ તેવો કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી. ફરિયાદપક્ષે તપાસવામાં આવેલ ફરિયાદીએ તેમની જુબાનીમાં બનાવ હકીકતને સમર્થનકારી કોઇ પુરાવો આપેલ નથી અને વિ.એ.પી.પી.શ્રી દ્બારા ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ હોય તેઓના પુરાવાથી આંક–૦૭વાળી ફરિયાદ પુરવાર થતી નથી. બચાવપક્ષે ફરિયાદીની ઉલટતપાસ કરેલ છે તેમાં પણ ફરિયાદીએ આરોપી સાથે સામાન્ય બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ નહીં અને આરોપીએ તેઓને કોઇ ગાળો આપેલ નથી કે ગડદાપાટુનો માર

મારેલ નથી કે કોઈ હથિયાર બ્લેડ વડે માર મારેલ નહીં હોવાનું સ્વીકારેલ છે. ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૦૮થી ફરિયાદીના ઈજા પ્રમાણપત્રની નકલ, આંક–૦૯થી ગુનાવાળી જગ્યાના પંચનામાની નકલ, આંક–૧૦થી હથિયાર કબજે કર્યાના પંચનામાની નકલ, આંક–૧૧થી હથિયારબંધી જાહેરનામાની નકલ રજૂ કરેલ છે જે બચાવપક્ષે કબુલ કરતાં રજૂ થયેલ છે પરંતુ ફરિયાદપક્ષે તપાસેલા સાક્ષીઓના પુરાવાથી ફરિયાદ હકીકત પુરવાર થયેલ ના હોય આ દસ્તાવેજો ફરિયાદપક્ષને મદદરૂપ થતાં નથી.

(ડી.૦) આમ, સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં, ગઈ તા.૧૪–૦૧–૨૦૨૫ના રોજ સવારના સાડા આઠથી નવ વાગ્યાના સુમારે આરોપીએ સાહેદ ધર્મેશભાઈ પોપટલાલ ઠકકરના તિર્થ મેડિકલની બાજુમાં, મણિયાસા, ખોખરા, અમદાવાદ ખાતે આવેલ ઉંધિયા સ્ટોલ ઉપર ફરિયાદીને બિભત્સ ગાળો આપી ગડદાપાટુનો મારી અને ફરિયાદીને ડાબા હાથની કોણીના ઉપરના ભાગે બાવડા ઉપર બ્લેડ મારી ઈજા પહોંચાડી તેમજ હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોઈ તેવું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. રેકર્ડ પરના પુરાવાથી ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) અને જી. પી. એકટની કલમ ૧૩૫(૧) ના આવશ્યક તત્વોનો અભાવ જણાતો હોય આ અદાલત મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.ર અંગે નીચે મુજબનો હુકમ ફરમાવે છે.

## –:://હુ ક મ//::–

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) મુજબ આરોપી ધર્મેશભાઈ સુખરામભાઈ ઠાકોર, ઉ.વ.૪૧, રહે. મકાન નં. ૦૯, ગીતાસદન બંગ્લોઝ, મણિયાસા સોસાયટી, ખોખરા, અમદાવાદ શહેર, મૂળ વતન: તનમનીયા, તા. લખતર, જિ.સુરેન્દ્રનગરનાઓને તેમની સામેના આક્ષેપિત ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૮(૧), ૧૧૫(૨), ૨૯૬(ખ) અને જી. પી. એકટની કલમ ૧૩૫(૧) મુજબના શિક્ષા પાત્ર ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) આરોપીએ અગાઉ આપેલ જામીન તથા જામીન ખત રદ કરવામાં આવે છે. આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબ નવા જામીન આપવા.

(૩) અપીલ સમય વિત્યે મુદ્દામાલ પાવતીમાં જણાવેલ બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો.

(૪) આજ રોજ આરોપી ગેરહાજર હોય આરોપીના વિ.વ.શ્રીએ એકઝામ્પશન અરજી રજૂ કરતાં તે મંજુર કરવામાં આવેલ હોય સદર હુકમ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૩૯૨(૬) અન્વયે આરોપીની ગેરહાજરીમાં જાહેર કર્યો.

હુકમ આજરોજ તારીખ ૨૬મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૬ના ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૬–૦૨–૨૦૨૬.**
**અમદાવાદ શહેર.**

**(એ. જી. ઓઝા)**
**૧૦મા એડિ. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**(કોર્ટ નં.૧૩) અમદાવાદ શહેર.**
**કોડ નં.જીજે–૦૦૮૩૯.**